




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 36 ■ તા. 13-09-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk


# BRICS Summit 2026: બ્રિક્સના તમામ પ્રસ્તાવ મંજૂર




નવી દિલ્હી, તા.૧૨

નવી દિલ્હીમાં ચાલતા ૧૮મા બ્રિક્સ સમિટમાં ભારત તરફથી રાખવામાં આવેલા ન્યુ દિલ્હી ડિક્લેરેશન પ્રસ્તાવને સર્વસંમતિથી સ્વીકારી લેવામાં આવ્યો છે. પીએમ મોદીએ બ્રિક્સની બેઠકને સાર્થક અને રચનાત્મક ગણાવતા નિવેદન જારી કર્યું છે. સાથે જ જાહેરાત કરતા કહ્યું છે કે ભારત તરફથી રાખવામાં આવેલા તમામ ૧૦ પ્રસ્તાવોને મંજૂર કરી લેવામાં આવ્યા છે.

પીએમ મોદીએ પ્રસ્તાવ રાખતા કહ્યું, **New Delhi Declaration** ને સ્વીકાર કરવાનો પ્રસ્તાવ રાખું છું. ન્યુ દિલ્હી ડિક્લેરેશનને સર્વસંમતિથી **Adopt** કરવામાં આવે છે. કોઈ પણ સભ્યએ કોઈ વાંધો ઉઠાવ્યો નથી. નવી દિલ્હી ઘોષણા ૨૦૨૬ ને સર્વસંમતિથી અપનાવવામાં આવી છે.

તેમણે આગળ કહ્યું, આજે આપણી બેઠક સાર્થક અને રચનાત્મક રહી. આપણી સંયુક્ત કટિબદ્ધતા સામે આવી છે. બદલાતા વિશ્વનું સંચાલન જૂના સંસાધનોથી કરી શકાય નહીં. ત્રણેયમાં સુધારાની જરૂર છે. ગ્લોબલ સાઉથની ભાગીદારી હોવી જોઈએ. આજે **Adopt** કરવામાં આવેલું **New Delhi Declaration** આપણી સંયુક્ત કટિબદ્ધતા દર્શાવે છે.

નિષ્ણાતોના મતે, બ્રિક્સ **(BRICS)**ના આ સંયુક્ત ઘોષણાપત્રને સર્વસંમતિથી સ્વીકૃતિ અપાવવી એ વડાપ્રધાન મોદી માટે એક મહત્વપૂર્ણ સફળતા છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની હાજરીમાં જ સંયુક્ત રાષ્ટ્રની કાયમી સદસ્યતાના વિસ્તાર માટે વડાપ્રધાન મોદીએ કરેલી હાકલ એક ઉત્કૃષ્ટ પગલું હતું. તેમણે ચીનને પણ સ્પષ્ટ સંદેશ આપ્યો, કારણ કે ભારતની કાયમી સદસ્યતાની દાવેદારીમાં ચીન જ અનેક રીતે અવરોધ ઊભો કરતું રહ્યું છે. વધુમાં, ઘોષણાપત્રમાં ઉલ્લેખિત મુદ્દાઓ પર - ખાસ કરીને કાયમી સદસ્યતા માત્ર પાંચ દેશો પૂરતી મર્યાદિત હોવા અને નિર્ણય લેવાની સત્તા અમુક પસંદગીના દેશોના હાથમાં કેન્દ્રિત હોવા અંગે સર્વસંમતિ સાધવી એ એક નોંધપાત્ર સિદ્ધિ છે.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે આપણે આગામી બે દાયકા માટે નવા અને મહત્વાકાંક્ષી લક્ષ્યો સાથેના એજન્ડા પર કામ કરવાની જરૂર છે. આપણે આ પ્રક્રિયા આપણી આંતરિક કાર્યપદ્ધતિઓની તપાસ કરીને શરૂ કરવી જોઈએ. જોકે બ્રિક્સનું પ્રમુખપદ વાર્ષિક ધોરણે બદલાય છે, આનાથી આપણી સંસ્થાકીય કામગીરીની ગતિ પર અસર થવી જોઈએ નહીં. હું બ્રિક્સમાં એક સિસ્ટમ સ્થાપિત કરવાનો પ્રસ્તાવ મૂકું છું જેથી કાર્યની સાતત્યતા અને અસરકારક અમલીકરણ સુનિશ્ચિત થાય. આ ટ્રોઈકા મિકેનિઝમ દ્વારા તમામ પહેલ અને પરિણામો પર ફોલો-અપ ક્રિયાઓને સરળ બનાવશે. આપણે દરેક નિર્ણય માટે નોડલ પોઈન્ટ, સમયરેખા અને અમલીકરણ સ્થિતિના રેકોર્ડ જાળવવા માટે એક સુરક્ષિત ડિજિટલ ભંડાર પણ બનાવી શકીએ છીએ.

**BRICS**માં **PM** મોદીએ સંબોધનમાં મૂકેલા ૧૦ પ્રસ્તાવ

**UNSC**માં રિફોર્મને હવે ટાળી શકાય નહીં.

ટેક્સ-બેસ્ડ નેગોશિએશનને નિશ્ચિત સમય મર્યાદા સાથે જોડવા પડશે.

ગ્લોબલ ઈકોનોમીને ગ્રોથ આપનારા દેશોને નિર્ણય લેવાનો અધિકાર હોવો જોઈએ.

આપણે કલેક્ટિવ રિસ્પોન્સ, સ્પીડ, સ્કિલ અને ઈમ્પેક્ટ પર ભાર મૂકવો પડશે.

વૈશ્વિક સંસ્થાઓમાં માનવતાના વિશ્વાસ માટે પ્રભાવી ઉકેલ જરૂરી છે.

આપણે સીફેરર ઈમરજન્સી સપોર્ટ નેટવર્ક બનાવી શકીએ છીએ.

ડિસ્ટ્રેસ એલર્ટ, મેડિકલ હેલ્પ, પરિવારોને માહિતી, અને ઈવેક્યુએશનમાં મદદ મળે.

ગ્લોબલ સાઉથની સમાન ભાગીદારી સુનિશ્ચિત કરવી આવશ્યક છે.

**AI**-સાયબર સ્પેસમાં ભવિષ્યની તકોની સાથે નિયમો નક્કી થાય.

ગ્લોબલ સાઉથને હવે રૂલ ટેકરમાંથી રૂલ શેપર બનાવો.

## ગંગા અને એની શાખાઓ કેટલાક સ્થળે ભયજનક સપાટી કરતાં ઊંચે વહી રહી છે

# બિહારમાં પૂર-પરિસ્થિતિ ગંભીર : ૧૫ જિલ્લાના ૪૬.૮૮ લાખ લોકોને અસર

## રાજ્યમાં સપ્ટેમ્બર મહિનામાં અત્યાર સુધી ૯૦ મિલિમીટર વરસાદ નોંધાયો છે, જે નોર્મલ કરતાં ૨૦ ટકા વધુ

પટણા, તા.૧૨

બિહારમાં શુક્રવારે પૂરની પરિસ્થિતિ બિહામણી બની રહી છે. બંધમાં ભંગાણ પાડતી ગંગા નદી અને એની શાખાઓ ભયજનક સપાટીથી ઊંચે વહી રહી હોવાથી રાજ્યના ૧૫ જિલ્લાઓમાં ૪૬.૮૮ લાખ લોકો અસરગ્રસ્ત થયા છે.ભાગલપુર જિલ્લાના વિવિધ ભાગોમાં બંધના ચાર સ્થળોએ ભંગાણ થયું છે, જે પૈકી કેટલાક દુરસ્ત કરી દેવાયા છે, જ્યારે બાકીના સ્થળે કાર્ય થઇ રહ્યું છે. ગોપાલપુર બ્લોકમાં બ્રહ્મોત્તાર બંધમાનું ભંગાણ, જળસ્રોત વિભાગની ટેકનિકલ ટીમ અને સ્થાનિક લોકોના સાથ-સહકારથી રાતોરાત રિપેર કરી લેવાયું છે.

રાંગ્રા બ્લોકમાં ધોબાનિઆ જમીનદારી બંધ ખાતે વહેલી સવારે ૪.૩૦ના સુમારે બંધમાં લગભગ ૨૦ ફીટનું ખવાણ થઇ જતા પીડબલ્યુડી રોડ નંબર-૧૪ની અંદર પૂરના પાણી પ્રવેશ્યા. એની સામે સંરક્ષણાત્મક ઢાલરૂપે વાંસના થાંભલા, રેતીની બેગો અને પ્લાસ્ટિક શીટનો ઉપયોગ કરી કામ ચલાવાયું હતું.રાન્ગરા ચોકમાં કાલબાલિયા નદી પરના ધોબાનિયા બંધમાં ભંગાણ જણાયું છે. બનિયાબૈસિ પંચાયતમાંના સાદોપુર રિંગ બંધના ભાગરૂપ બુધિયા ડેમમાં પણ ભંગાણ પડયું છે. અસરગ્રસ્ત સ્થળોએ ટેકનિકલ ટીમો ગોઠવવામાં આવી છે, જ્યારે જેમાં નુકસાન થઈ શકે એવુ છે એવા બંધો પર ૨૪ કલાક દેખરેખ રખાઈ રહી છે. આપત્તિ વ્યવસ્થાપન વિભાગના છેલ્લા બુલેટિનમાં જણાવાયાનુસાર, પૂરથી ૮૮ બ્લોકોમાં સમાવિષ્ટ ૫૬૧ ગ્રામ પંચાયતોમાં ૪૬.૮૮ લાખ લોકોને અસર પહોંચી છે. ભાગલપુર, પટણાસ સારન, વૈશાલી, બેગુસરાઈ, કટિહાર, પૂર્ણિઆ અને બકસર વગેરે જિલ્લાઓમાં અત્યંત કફોડી પરિસ્થિતિ છે.બિહાર અને નેપાળમાં થયેલા ભારે વરસાદથી કેટલીક નદીઓ અને જળાશયો છલકાઈ રહ્યા છે. રાજયમાં સપ્ટેમ્બર મહિનામાં અત્યાર સુધી

## જોઈ લો પાવરફુલ બોન્ડિંગ

# બ્રિક્સમાં જેની સૌ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, એ તસવીર આવી ગઈ

## બ્રિક્સ સંમેલનના મંચ પર કેટલાય પાવરફુલ વર્લ્ડ લીડર હાજર

નવી દિલ્હી, તા.૧૨

બ્રિક્સ સંમેલનના મંચ પર કેટલાય પાવરફુલ વર્લ્ડ લીડર હાજર છે. આજે ચીનના રાષ્ટ્રપતિ શી ઝિનપિંગ પણ સંમેલનમાં પહોંચી ચુક્યા છે. ત્યાર બાદ જે તસવીર સામે આવી છે, જેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રિક્સ સંમેલનના પહેલા દિવસે એ પાવર ફ્રેમ શેર કરી છે, જેમાં ઈંઝ એટલે કે, રશિયા, ભારત અને ચીનની તાકાત દેખાઈ રહી છે. આ તસવીરમાં ત્રણેય લીડર્સ એકબીજાના હાથ પકડેલા જોવા મળે છે. આ એ જ તસવીર છે, જેને જોઈને દુનિયાના કેટલાય દેશોમાં આગ લાગવાની છે. પીએમ મોદી, રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને શી ઝિનપિંગે હાથ પકડી એક પાવરફુલ જિયોપોલિટિકલ મેસેજ આપી દીધો છે.

કૂટનીતિની દુનિયામાં કેટલીય વાર મોટા મોટા ભાષણો અને સત્તાવાર નિવેદનોથી વધારે અસરકારક એ તસવીરો હોય છે, જે કેમેરામાં કેદ થઈ જાય છે. બ્રિક્સ સંમેલન દરમ્યાન સામે આવેલી તસવીર પણ કંઈક આવી જ છે.તસવીરમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની એક તરફ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ઊભા છે અને બીજી તરફ ચીનના રાષ્ટ્રપતિ શી ઝિનપિંગ છે. ત્રણેય નેતા એક બીજાના હાથ પકડેલા છે. સાથે જ એકદમ ઉષ્માભર્યા અંદાજમાં વાત કરતા દેખાઈ રહ્યા છે. આ ઉપરાંત લાલ કાલિન પર પીએમ મોદી અને રાષ્ટ્રપતિ



પુતિન એક સાથે હસતા હસતા ઈરાનના રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાન સાથે વાતચીત કરતા દેખાઈ રહ્યા છે કે નેતાઓ વચ્ચે ખાલી ઔપચારિક સંબંધ નથી, પણ એક મજબૂત પર્સનલ કેમિસ્ટ્રી પણ જોવા મળે છે.ગ્લોબલ મીડિયામાં આ ફોટો આવતા હાહાકાર મચી ગયો. કૂટનીતિક જાણકારો તેને વર્ષની સૌથી શક્તિશાળી તસવીર ગણાવી રહ્યા છે. કેમ કે આ ત્રણ એવા દેશોના પ્રમુખોની તસવીર છે, જે મળીને દુનિયાની એક બહુ મોટી વસ્તી અને અર્થવ્યવસ્થાને લીડ કરે છે. જ્યારે પણ ભારત, રશિયા અને ચીનના ટોપ લીડર્સ એક મંચ પર આટલી આત્મિયતાથી એક સાથે આવે છે, તો વોશિંગટનથી લઈ યૂરોપિયન દેશોની રાજધાની શહેરોમાં હલચલ વધે તે સ્વાભાવિક છે.સુપરપાવર બ્લોકને પડકારઃ અમેરિકા અને તેના સહયોગી પશ્ચિમી દેશ હંમેશાથી બ્રિક્સ જેવા સંગઠનને એક નવો પડકાર તરીકે જોઈ રહ્યા છે. તેમને ડર છે કે રશિયા અને ચીન મળીને એક એવું જૂથ તૈયાર કરી રહ્યા છે, જે ડોલર અને પશ્ચિમી દેશોના આર્થિક દબદબાને ડાયરેક્ટ પડકાર આપી શકે છે.

ટ્રમ્પ અને અમેરિકી નીતિ પર અસરઃ અમેરિકાના રાજકીય કોરિડોરમાં પહેલા પણ આ પ્રકારની તસવીરો પર તીખી પ્રતિક્રિયા જોવા મળે છે. વોશિંગટનમાં હંમેશા એ ચિંતા રહે છે કે જો ભારત, રશિયા અને ચીન એક સાથે મળીને આર્થિક અને રણનીતિક નીતિઓ બનાવવા લાગશે તો વૈશ્વિક નિર્ણય લેવાની શક્તિ પશ્ચિમી દેશોના હાથમાંથી નીકળી જશે.ગ્લોબલ સાઉથનો બુલંદ અવાજઃ આ તસવીરથી એ પણ સંદેશ ગયો છે કે દુનિયા હવે ખાલી અમુક પશ્ચિમી દેશોના ઈશારા પર નહીં ચાલે. વિકાસશીલ અને ઊભરતી અર્થવ્યવસ્થા હવે પોતાના નિર્ણય ખુદ લેવા માટે સક્ષમ છે.

# દિલ્હીમાં બેસીને ઈરાનનો અમેરિકા-ઈઝરાયલને પડકાર

નવી દિલ્હી, તા.૧૨

ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને શુક્રવારે અમેરિકા અને ઈઝરાયલ સામે આક્રમક વલણ અપનાવતા સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેહરાન કોઈપણ પ્રકારની દાદાગીરી કે જુલમ સામે નહીં ઝૂકે અને પોતાના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે મક્કમતાથી ઊભું રહેશે. નવી દિલ્હીમાં ધાર્મિક ગુરુઓ, બુદ્ધિજીવીઓ, શિક્ષણવિદો અને ઉદ્યોગપતિઓને સંબોધિત કરતા તેમણે જણાવ્યું હતું કે ઈરાન ગલ્ફ પ્રદેશમાં શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ ઈચ્છે છે, પરંતુ દેશમાં અશાંતિ ફેલાવવા માંગતી વિદેશી તાકાતોનો કડક સામનો કરશે.પેઝેશ્કિયાને અમેરિકા અને ઈઝરાયલી દળો પર નાગરિકો તથા માળખાકીય સુવિધાઓને ટાર્ગેટ કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. દક્ષિણ ઈરાનમાં એક શાળા નજીક થયેલા અમેરિકન હુમલાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે સેનાએ સૈનિકોને નિશાન બનાવવા જોઈએ, નહીં કે હોસ્પિટલો, પાયાની સુવિધાઓ અને લોકોની આજીવિકાને. પુરવઠાની અછત ઊભી કરીને લોકો શરણાગતિ સ્વીકારી લેશે તેવો દાવો કરનારાઓને જવાબ આપતા તેમણે કહ્યું કે ઈરાનની જનતા ક્યારેય શરણ નહીં સ્વીકારે.બ્રિક્સ સમિટના ભાગરૂપે ત્રણ દિવસની મુલાકાતે શુક્રવારે નવી દિલ્હી પહોંચેલા પેઝેશ્કિયાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પશ્ચિમ એશિયાની સ્થિતિ અને દ્વિપક્ષીય સંબંધો પર મહત્ત્વપૂર્ણ ચર્ચા કરી હતી. પીએમ મોદી સાથેની આ મુલાકાતને તેમણે વેપાર, ટેક્નોલોજી અને સંસ્કૃતિમાં સહયોગ વધારનારી ગણાવી હતી. બ્રિક્સ બિઝનેસ ફોરમમાં બોલતા તેમણે વ્યાપારમાં સ્થાનિક ચલણના ઉપયોગ પર ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે ઈરાન પ્રાદેશિક ઊર્જા અને ખાદ્ય પુરવઠા માટે એક મુખ્ય વ્યૂહાત્મક ભાગીદાર બની શકે છે.

## ઈરાનના રાષ્ટ્રપતિ ભારતમાં છે ત્યારે ટ્રમ્પનું નિવેદન

# હોર્મુઝ અમારા કંટ્રોલમાં છે, યુદ્ધ જલ્દી ખતમ થશે

વોશિંગ્ટન, તા.૧૨

ભારતમાં યોજાયેલા **BRICS** શિખર સંમેલન દરમિયાન મિડલ ઈસ્ટ અને ગલ્ફ ક્ષેત્રના તણાવને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચે નિવેદનબાજી તેજ થઈ ગઈ છે. નવી દિલ્હીમાં ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથેની મુલાકાત દરમિયાન અમેરિકાને સ્પષ્ટ સલાહ આપતા કહ્યું કે, મિડલ ઈસ્ટને કોઈ રિજનલ પોલીસમેન ની જરૂર નથી. બીજી તરફ, ડબલિનમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર, ઈરાન અને તેલ પુરવઠા અંગે દાવો કર્યો છે કે, સ્થિતિ જલ્દી થાળે પડી જશે અને યુદ્ધ ખૂબ જલ્દી પૂરું થશે.

ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને શનિવારે નવી દિલ્હીમાં જણાવ્યું કે, આ ક્ષેત્રની સુરક્ષા અને તેની સીમાઓનું રક્ષણ અહીંના સ્થાનિક દેશો અને મુખ્ય પક્ષકારો દ્વારા જ સુનિશ્ચિત થઈ શકે છે.

## લાઘવિકા

# શીર્ષક : કેલિડોસ્કોપ

હંમેશા ચહેરા પર સ્માઈલ રાખી એક અભિનેત્રીની જેમ સુસજ્જ બની ફરતી સુનૈનાની માતાનું બે વર્ષ પહેલા જ નિધન થયું હતું. ગયે વર્ષે સાહિલ સાથે એનાં છૂટાછેડા પણ થઈ ગયા હતાં. માનસિક સંતુલન ઠીક નથી એવી દલીલ કરીને છોકરીની કસ્ટડી સાહિલે લીધી હતી.સુનૈનાને માત્ર સપ્તાહનાં અંતે મળવાની છૂટ હતી. એને તો નવો પ્રેમી પણ મળી ગયો હતો. બસ, આજ બધી વાતોને લીધે સ્કૂલની મમ્મીઓમાં એની એક નકારાત્મક છાપ બની હતી.

સ્કૂલનાં મેળાવડામાં એક ક્ષણે હેતવી અને સુનૈનાની નજરો અથડાયાં પછી પોતાની તરફ આવતી સુનૈનાને જોઈને હેતવી ત્યાંથી છટકવાની તક શોધતી હતી.ત્યારે..

એક હાથે આંખ પર રાખેલું રમકડું કાઢ્યાં સિવાય આર્યા બોલી ઊઠી, " મમ્મા, જો ટેલિસ્કોપ!"

" ના બેટાં, એને કેલિડોસ્કોપ કહેવાય."

" કેલડીસકોપ એટલે?"

" કાંચનાં તૂટેલાં ટુકડાઓ જોડીને સુંદર ડિઝાઈન બનાવતું રમકડું." કહીને હેતવી સાથે વાત કર્યા વગર સુનૈના એની બાજુમાંથી પસાર થઈ ગઈ.

## કહેવત

### બીજાનો મહલ જોઈને આપણું ઝુંપડું બાળી ના નખાય




ભરબપોરે બજારમાં રિક્ષાની રાહ જોતી મંત્રા ગરમીથી રેબઝેબ થઈ ગઈ હતી; એક તો ભડભડતી ઉષ્માનાં ચટકાં અને હાથમાં ખરીદી કરેલી વસ્તુઓનો ભાર. બેત્રણ રિક્ષાઓ પછી એક ચમકતી ગાડી એની સામે આવીને ઊભી રહી. પહેલા તો એ મુંજાઈ ગઈ પછીપ

" મંત્રા, અંદર બેસી જા."

બારીનો કાચ નીચો કરી સુનીતિએ એને આવકાર આપ્યો. ગાડીમાં બેસતાં મંત્રાએ રાહતનો શ્વાસ લીધો. સુનીતિ અને મંત્રા એક જ કૉલેજમાં ભણ્યાં હતાં. વર્ષો પછી આમ અચાનક મળ્યાનો રોમાંચ મંત્રા માટે થોડીવારમાં નિરાશામાં પરિવર્તિત થઈ ગયો. " મંત્રા, તું તો પ્રીતમ નગરમાં રહે છે ને ? પહેલાં અમે એની નજીક સૂરજ એપાર્ટમેંટમાં રહેતા હતા પણ હવે સુવર્ણ નગરમાં રહીએ છીએ. "આ સાંભળીને મંત્રાને મનોમન ગ્લાનિ ઉત્પન્ન થઈ. સુનીતિનાં લગ્ન એક ડૉકટર સાથે શ્રીમંત પરિવારમાં થયાં હતાં અને એનાં લગ્ન એન્જિનિયર સાથે થયાં હતાં.

" કોઈકવાર ફોન કરીને ઘરે આવજે, મોટે ભાગે અમે બહારગામ જતાં હોઈએ છીએ. આવતાં અઠવાડિયે જ વિદેશ જઈએ છીએ." એક પગારમાં માંડ પૂરું કરતી મંત્રાને લઘુતાગ્રંથિએ એવી ઝપેટમાં લઈ લીધી કે ક્યારે ઘર આવી ગયું તેનું એને ભાન જ ન રહ્યું. "સુનીતિ, અહીં સુધી આવી છે તો ચાલ મારાં ઘરે." નાછૂટકે મંત્રાએ આગ્રહ કર્યો પણ, "બીજી વાર", કહીને સુનીતિએ ગાડી આગળ દોડાવી. મંત્રાને રાહત થઈ.

એ દિવસે મંત્રા એના પતિ સાગર સાથે બહુ ઝગડી, એને ઘરની બધી વસ્તુઓ તુચ્છ લાગવા માંડી. ગુસ્સામાં એકબે વસ્તુઓ ફેંકી પણ દીધી. સાગરને પણ સમજાયું નહીં કે મંત્રાને અચાનક શું થઈ ગયું હતું. એણે સાગરને મોટા પગારવાળી નોકરી શોધવાનું કહ્યું. "એમ કાંઈ નોકરી રસ્તામાં પડી છે?" સાગરે એને સમજાવવાનો પ્રયત્ન કર્યો. મંત્રાની મનસ્થિતિ કશું સમજવા રાજી નહોતી. બીજે દિવસે એ એનાં પિયર ચાલી ગઈ. હવે તો થોડાં મહિનાઓ થઈ ગયાં હતાં અને પિયરમાં ભાઈ-ભાભી, અને માતા -પિતા પણ મંત્રા સિધાવે એની રાહ જોતાં હતાં. એવામાં એક દિવસ ફરી તેની મુલાકાત સુનીતિ સાથે થઈ. રિક્ષાની રાહ જોતી સુનીતિને જોઈને મંત્રાએ તેને દૂરથી ઓળખી નહીં, પછી વાતવાતમાં ખબર પડી કે, સુનીતિ અને એનાં પતિ વચ્ચે વિસંવાદ વધતાં એમનાં છૂટાછેડા થઈ ગયા હતા અને એ હવે સૂરજ એપાર્ટમેંટમાં રહેતી હતી. સુનીતિ માટે દિલગીર થતી મંત્રાને એ વખતે સાગરની કમી સાલવા લાગી. ઘરે જઈને સૌપ્રથમ એણે સાગરને ફૉન કર્યો. મમ્મીનાં શબ્દો, "બીજાનો મહેલ જોઈને આપણું ઝુંપડું બાળી ન નખાય" એનાં કાનમાં ગૂંજવાં લાગ્યાં. જાગૃતિ દોશી, ' મોક્ષા ' (બૉસ્ટન-અમેરિકા)

06-09-2026_35 0Jan Fariyad_New_P-1

રાતથી સવાર સુધીમાં ૧૧ જેટલાં આઈડી દ્વારા નાણાં ઉપાડી લેવાયાં

# મહેસાણાના નિવૃત્ત ક્લાર્કના ખાતામાંથી યુપીઆઈ દ્વારા ૩.૯૯ લાખ સેરવી લેવાયા

## પોલીસે અજાણ્યા સાયબર ઠગો સામે છેતરપિંડી તેમજ આઈટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથધરી

મહેસાણા, તા.૧૨

નર્મદા નિગમમાંથી તાજેતરમાં નિવૃત્ત થયેલા એક સિનિયર સિટિઝનના બેંક ખાતામાંથી અજાણ્યા સાયબર ગઠિયાઓએ કોઈપણ જાતની જાણ કે સહમતી વગર અલગ-અલગ UPI ટ્રાન્ઝેકશન મારફતે રૂ.૩.૯૯ લાખથી વધુની રકમ સેરવી લેતાં સાંથલ પોલીસે છેતરપિંડી અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મહેસાણાના રાધનપુર રોડ પર ધરતી હાર્મોની ફ્લેટમાં રહેતા અને નર્મદા નિગમમાંથી જુનિયર ક્લાર્ક તરીકે નિવૃત્ત થયેલા ૫૮ વર્ષીય શકિતદાન પ્રતાપજી ગઢવીનું જોટાણા ખાતે આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં બચત ખાતું છે. નિવૃત્તિ પેટે તેમને મળેલા ભંડોળમાંથી રૂ.૧૦ લાખ તેમણે આ ખાતામાં જમા કરાવ્યા હતા. ગત તા. ૨ સપ્ટેમ્બરે રાત્રિના સમયે તેઓ ઘરે હાજર હતા ત્યારે તેમના મોબાઈલ ફોન પર ઉપરાઉપરી બેંકમાંથી પૈસા કપાયાના મેસેજ આવવા લાગ્યા હતા. જો કે, રાત્રિના સમયે મેસેજ ન જોતાં અને બેંક બંધ હોવાથી તેઓ સવારે જોટાણા ખાતે બેંકની શાખામાં દોડી ગયા હતા. ત્યાં પહોંચીને તપાસ કરતાં ખાતામાંથી વધુ રૂ.૮૦ હજાર જેટલી રકમ કપાઈ ચૂકી હતી. બેંક મેનેજરે તપાસ કરીને જણાવ્યું કે, તેમના ખાતામાંથી સાયબર ળોડ કરીને કુલ રૂ.૩,૯૯,૬૪૭.૨૯ ઉપાડી લેવાયા છે. બેંક સ્ટેટમેન્ટની વિગતો તપાસતાં સામે આવ્યું હતું કે, ૨ સપ્ટેમ્બરની રાત્રિથી ૩ સપ્ટેમ્બરની સવાર સુધીમાં અલગ-અલગ ૧૧ જેટલા UPI આઈડી દ્વારા આ રકમ સેરવી લેવામાં આવી હતી. શકિતદાને તરત પોતાનું ખાતું બ્લોક કરાવી સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ સાંથલ પોલીસ મથકે આપેલી લેખિત ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા સાયબર ઠગો સામે છેતરપિંડી તેમજ આઈટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓનું પગેરું મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

ગુજરાતમાં મહેસૂલ વિભાગનો મહત્વપૂર્ણ નિર્ણય

# ૧૩ અધિકારીઓની પ્રાંત ઓફિસર અને SDM તરીકે નિમણૂક કરાઈ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં વહીવટી તંત્રમાં ગત મોડી રાત્રે વધુ એક મહત્વનો ઓર્ડર કરવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (GAS) જુનિયર સ્કેલની ૨૦૨૪ બેચના ૧૩ પ્રોબેશનર અધિકારીઓને તાલુકા તથા સબ-ડિવિઝન કક્ષાએ પ્રાંત અધિકારી અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (SDM) તરીકે સ્વતંત્ર હવાલો સોંપ્યો છે. આ નિમણૂક તાલીમ કાર્યક્રમના ભાગરૂપે કરવામાં આવી છે અને અધિકારીઓને ૨૬ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી સંબંધિત તાલુકા/સબ-ડિવિઝનનો હવાલો સંભાળવાનો રહેશે.સરકારના આદેશ અનુસાર, નીચે મુજબના અધિકારીઓને જે-તે જિલ્લા અને તાલુકાની જવાબદારી સોંપાઈ છેઃ

અક્ષર રામેશભાઈ થુમ્મરઃ કચ્છ જિલ્લો (લખપત અને નખત્રાણા)

સૃષ્ટિ મયંક શાહઃ ખેડા જિલ્લો (ખેડા તાલુકો)

કલ્પેશકુમાર બલદેવભાઈ ગાલિયાઃ ભરૂચ જિલ્લો (હાંસોટ અને અંકલેશ્વર)

તાપસી અજિત વાઘેલાઃ બોટાદ જિલ્લો (ગઢડા અને બોટાદ)

રાજેન્દ્ર જોતારમભાઈ પટેલઃ સાબરકાંઠા જિલ્લો (તલોદ અને પ્રાંતિજ)

સંદીપસિંહ પ્રદિપસિંહ ઝાલાઃ છોટાઉદેપુર જિલ્લો (કવાંટ અને છોટાઉદેપુર)

શુભમ સિંઘ રામુસિંઘ રાઠોડઃ તાપી જિલ્લો (કુકરમુંડા અને નિઝર)

પ્રશાંત ગંભીરદાન ગોરૈયાવાળાઃ રાજકોટ જિલ્લો (જામકંડોરણા અને ધોરાજી)

આયુષી દિલીપકુમાર પટેલઃ ગાંધીનગર જિલ્લો (દહેગામ)

મૌસમબીન પરેશકુમાર પટેલઃ સુરત જિલ્લો (મહુવા અને બારડોલી)

યોગેશ નંદલાલભાઈ બરાડઃ જામનગર જિલ્લો (જામજોધપુર અને લાલપુર)

ધ્રુવ કાંતિભાઈ ડામોરઃ બનાસકાંઠા જિલ્લો (અમીરગઢ અને દાંતા)

હિમાંશુ ભરતભાઈ ડામોરઃ દાહોદ જિલ્લો (ગરબાડા અને દાહોદ) નોંધનીય છે કે રાજય સરકારના આ કદમથી સ્થાનિક કક્ષાએ વહીવટી કામગીરીને નવો વેગ મળશે. યુવા અધિકારીઓની સીધી નિમણૂકથી મહેસૂલી પ્રશ્નોનો ઝડપી નિકાલ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી અને સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણમાં નોંધપાત્ર સુધારો થવાની અપેક્ષા છે.

આ તાલીમ અને સ્વતંત્ર કામગીરીનો સમયગાળો ભવિષ્યના વહીવટી નેતૃત્વ માટે એક મજબૂત પાયો પૂરો પાડશે. ઓર્ડર ગુજરાતના રાજયપાલના નામે અને તેમના આદેશથી મહેસૂલ વિભાગના અંડર સેક્રેટરી (સર્વિસિસ) રુત્વિજ સોનાગરા દ્વારા કરવામાં આવ્યો છે.




૧૭ નર સિંહ, ૧૭ માદા અને ૨૮ સિંહબાળના ગંભીર રોગથી મૃત્યુ

# ગુજરાતનું ગૌરવ સિંહો બીમારીના ભરડામાં એક વર્ષમાં વિવિધ રોગથી ૬૨ સિંહના મૃત્યુ

## પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં સિંહ ન્યુમોનિયા, હેમોરેજિક ન્યુમોનિયા, એનિમિયા, કિડની ફેલ્યોરમાં વગેરે રોગ સામે આવ્યા

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતનું ગૌરવ ગણાતા એશિયાટિક સિંહો બીમારીના ભરડામાં આવી ગયા હોય તેમ છેલ્લા એક જ વર્ષમાં વિવિધ પ્રકારના રોગથી કુલ ૬૨ સિંહના મૃત્યુ થવા પામ્યા હોવાની માહિતી વિધાનસભામાં અપાઈ છે. જેમાં અનેક ગંભીર ગણાય તેવા રોગનો પણ સમાવેશ થાય છે. જો કે વન વિભાગે એવો દાવો કર્યો છે કે સિંહોના સ્વાસ્થ્યની જાણકારી મેળવવા સતત અવલોકન કરવામાં આવે છે અને ત્વરિત સારવાર પણ અપાય છે. ગુજરાતના સિંહો નિહાળવા દેશ-વિદેશના પ્રવાસીઓ મોટી સંખ્યામાં આવતા હોય છે ત્યારે છેલ્લા કેટલાક સમયથી મોટી સંખ્યામાં રોગથી મૃત્યુ પામતા સિંહોના કારણે વન્ય જીવપ્રેમીઓમાં ચિંતાની લાગણી ફેલાઈ છે. કોંગ્રેસના શૈલેષ પરમાર દ્વારા વિધાનસભામાં જુલાઈ-૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સિંહોમાં કયા પ્રકારના રોગ જોવા મળ્યા અને તેમાંથી કયા રોગના કારણે કેટલા સિંહના મૃત્યુ થયા તેની જાણકારી માગતો સવાલ પૂછવામાં આવ્યો હતો.

જેના લેખિત જવાબમાં વન વિભાગે જણાવ્યું હતું કે જુલાઈ-૨૦૨૬ની સ્થિતિએ એક વર્ષમાં ૧૭ નર સિંહ, ૧૭ માદા અને ૨૮ સિંહબાળ સહિત કુલ ૬૨ સિંહના મૃત્યુ થવા પામ્યા છે. આ સિંહોના પોસ્ટ મોર્ટમ રિપોર્ટ મુજબ જે રોગથી મૃત્યુ પામ્યા છે તેમાં ન્યુમોનિયા, હેમોરેજિક ન્યુમોનિયા, એનિમિયા, કિડની ફેલ્યોર, મલ્ટી ઓર્ગન ડિસ્ફંક્શન-ફેલ્યોર, સેપ્ટિસિમિયા, હેપેટો-રીનલ ડિસ્ફંક્શન, પેરાલિસીસ અને એસાઈટીસ, ગેસ્ટ્રોએન્ટીરીટીસ તેમજ રાઉન્ડ વોર્મ ઈન્ફેસ્ટેશનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત માયોકોર્ડિયલ ઈન્ફાકર્શન, સેન્ટ્રલ નર્વ સિસ્ટમ ડીસઓર્ડર, બ્રોન્કોન્યુમોનિયા, એક્યુટઈલનેસ અને સેપ્ટીક શોક જેવા રોગ પણ સિંહોને હોવાનું પીએમ રિપોર્ટમાં જાણવા મળ્યું છે. આ મુદ્દે કરાતી કામગીરીની માહિતી આપતા વન વિભાગે જણાવ્યું હતું કે રોગો અટકાવવા માટે સિંહોને ડી-વોર્મિંગ અને ડી-ટિકિંગ કરવામાં આવે છે.

ડૉ.અનિલ ભાઈ પટેલ ના જન્મ દિવસ નિમિતે..

# જગન્નાથ મંદિર ખાતે અતિ આધુનિક કલાત્મક પંખી ઘર ( બહુમાળી પંખી આવાસ) નું ખાત મુહુર્ત કરાયું



બોટાદ નુ સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિર , કૃષ્ણ સાગર તળાવ પાસે મંદિર પરિસર માં સ્વ. હંસાબેન પોપટ ભાઈ મીયાણી (પ્રહલાદ ગઢ) તા.ગઢડા સ્વામીના. ના આત્મ સ્મરણાર્થે આધુનિક કલાત્મક પંખીઘર ( બહુમાળી પંખી ઘર ) ડો.અનિલ ભાઈ પટેલ (જ્યોત આંખ ની હોસ્પિટલ બોટાદ ) ના સંપૂણ આર્થિક સૌજન્યથી નિર્માણ પામશે.

આ ઉમદા કાર્ય માટે આદિજિન યુવક ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈ અને ,અમીજરા વાસુપૂજ્ય જીવરક્ષા અભિયાન અમદાવાદ ,બોટાદ મહાજન પાંજરાપોળ ની શુભ પ્રેરણા છે.

આ પંખી ઘર ભૂમિ પૂજન ખાત મુહૂર્ત વિધિ તા.૧૨/૯/૨૬ ના રોજ મહાવીર જયંતી ના પાવન પર્વ અને જોગાનુજોગ ડો.અનિલ ભાઈ પટેલ ના જન્મ દિવસ નિમિતે મંદિર ના મહંત રાજગીરી બાપુની ની વિશેષ ઉપસ્થિતિ માં કરવામાં આવેલ.

આ ભૂમિ પૂજન ખાતવિધિ માં ડો.અનિલ ભાઈ પટેલ , શ્રીમતિ કોમલ બેન ,વિકાસ ભાઈ પટેલ જોડાયેલ. આ પ્રસંગે જીવદયા પ્રેમી મુક્તિધામ નવ નિર્માણ સમિતિ ના ચેરમેન સી.એલ. ભીકડીયા , પ્રમેશ ભાઈ શાહ , જીતુ ભાઈ શાહ ,સેજલ ભાઈ ગોપાણી , તથા જીવદયા પ્રેમીઓ ઉપસ્થિત રહેલા. જીવદયા પ્રેમી પ્રમેશ ભાઈ શાહે પ્રાસંગિક પ્રવચન આપેલ.

અહેવાલ કનુભાઈ ખાચર

Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

06-09-2026_35 0Jan Fariyad_New_P-2